# IIT ખાતે Blithchronનું સેલિબ્રેશન

- આ સેલિબ્રેશનમા દેશની અલગ-અલગ ઇન્સ્ટિટ્યુટના 3000 સ્ટુડન્ટ્સે ભાગ લીધો

**અમદાવાદ : ૧૭ જાન્યુઆરી ૨૦૧૫**







ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ખાતે એન્યુઅલ કલ્ચરલ ઈવેન્ટ Blithchronનું સેલિબ્રેશન કરવામાં આવી રહ્યું છે. ઈવેન્ટના પહેલા દિવસે દેશની અલગ અલગ ઇન્સ્ટિટ્યુશનના ત્રણ હજાર કરતા વધારે સ્ટુડન્ટ્સ જોડાયા હતા. સ્ટુડન્ટ્સ ફન ગેમની સાથે એજ્યુકેશનલ વર્કશોપ અને સેમિનારમાં પણ જોડાયા હતા. જેમાં સવારે એડ્રિનાલીન ઈવેન્ટ યોજાઇ હતી. આ ઈવેન્ટને ટ્રેઝર હંટ અને રેસને મિક્સ કરીને તૈયાર કરવામાં આવી છે. જેમાં પાર્ટિસિપેટે આઇઆઇટીથી શરૂ કરીને નક્કી કરેલા પ્લેસ પર ક્લુ શોધીને આગળના પ્લેસ પર જવાનું હોય છે. આ ઈવેન્ટ દિવસ દરમિયાન ચાલી હતી. ત્યારબાદ 'જોબ લેસ' ઈવેન્ટ યોજાઇ હતી. જેમાં પાર્ટિસપેટને ઓન-ધ-સ્પોટ એક રિઝ્યુમ આપવામાં આવે છે. સામે એચઆર એક્સપર્ટની ટીમ સામે તેણે પોતાનું બેસ્ટ પર્ફોર્મન્સ આપવાનું હોય છે. ત્યારબાદ સિંગિંગ અને ડાન્સ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ સ્ટુડન્ટ્સે મિસ એન્ડ મિસ્ટર blithchronમાં પણ મોટી સંખ્યામાં પાર્ટિસિપેટ કર્યું હતું.